| | | |
|---|---|---|
| GJSR120048712024 | सत्यमेव जयते | **Criminal Case no.1908/2024**<br>**ભુમિકાબેન મનસુખભાઈ પટેલ તે રોશનકુમારની પત્ની**<br>**વિરુધ્ધ**<br>**સુરત મહાનગર પાલિકા, ઈસ્ટ ઝોન–બી** |

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૩૦/૦૯/૨૦૨૪ | | |
| દાખલ તારીખ | : | ૩૦/૦૯/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ | : | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૫ | ૧૮ |
| આંક | : | | | |

# મહેરબાન કઠોરના એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા મુ.કઠોર.

ફોજદારી પરચુણ અરજી નં. ૧૯૦૮/૨૦૨૪

આંક:

| | |
|---|---|
| **અરજદાર :** | **ભૂમિકાબેન મનસુખભાઈ પટેલ તે રોશનકુમારની પત્ની**<br>ઉ.આ.વ.૩૪, ધંધો–ઘરકામ<br>રહે.મહાદેવ ફળીયુ, મુ.કુડસદ, તા.ઓલપાડ, જિ.સુરત. |
| **વિરુધ્ધ** | |
| **સામાવાળા :** | **સુરત મહાનગર પાલિકા, ઈસ્ટ ઝોન–બી** |

| | |
|---|---|
| અરજદાર તરફે | વિ.વ.શ્રી ડી.એમ.પરમાર |
| સામાવાળા તરફે | કોઈ નથી. |

## –:: ઠરાવ ::–

**(૧)** આ કામના અરજદારની અરજીની ટુંકમા હકીકત એવી છે કે, અરજદાર અરજીમાં જણાવેલ સરનામે રહે છે. હાલની આ અરજી તેઓએ તેમના જન્મનાં દાખલમાં બાળકના નામવાળી કોલમ તથા જન્મ તારીખવાળી કોલમમાં સુધારો કરવા માટે હાલની આ અરજી કરેલી છે. તેઓનો જન્મ મોજે.લસકાણા ગામ, તા.કામરેજ, જિ.સુરતની સીમમાં થયેલ હોય જે અંગેની નોંધણી લસકાણા ગ્રામ પંચાયતના જન્મ નોંધણી રજીસ્ટરમાં નોંધણી ક્રમાંક–૩૪

થી તા.૦૯/૧૧/૧૯૯૦ નારોજ કરવામાં આવેલ છે. જેમાં બાળકના નામવાળી કોલમમાં તેઓનું નામ ગાયત્રીબેન લખાયેલ છે. ખરી હકીકતમાં તેઓનું સાચુ અને ખરુ નામ ભુમિકાબેન છે. તેમજ જન્મ તારીખવાળી કોલમમાં તેમની જન્મ તા.૦૮/૧૧/૧૯૯૦ લખાયેલ છે, પરંતુ ખરી હકીકતમાં તેમની ખરી જન્મ તા.૦૮/૦૮/૧૯૯૦ છે. તેમના અન્ય પુરાવાઓ જેમ કે, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં તેમનું નામ પટેલ ભૂમિકાબેન લખાયેલ છે તથા જન્મ તા.૦૮/૦૮/૧૯૯૦ લખાયેલ છે. આ સિવાયના અન્ય પુરાવાઓ જેવા કે, આધાર કાર્ડ, વોટીંગ કાર્ડ, પાનકાર્ડ વિગેરેમાં તેમનું નામ ભૂમિકાબેન લખાયેલ છે. તેમજ સમાજમાં તેઓને ભૂમિકાબેનનાં નામથી જ લોકો ઓળખતા આવેલ છે. હાલમાં અમોને સરકારી કામકાજ અર્થે જન્મના દાખલાની શોધખોળ કરતા જન્મનો દાખલો મળી આવેલ છે. જેમાં જન્મનો દાખલો જોતા જેમાં તેઓનું નામ તથા જન્મ તારીખ તેમના અન્ય પુરાવા કરતા અલગ-અલગ જણાતા તેઓએ અમારા ઘરના વડીલોને પુછતાં તેઓએ તેમને જણાવેલુ કે, "તારી સાચી અને ખરી જન્મ તા.૦૮/૦૮/૧૯૯૦ છે." પરિણામે હાલના તબકકે જન્મનાં દાખલામાં જન્મ તારીખવાળી કોલમમાં સુધારો કરવા તથા બાળકના નામવાળી કોલમમાં બાળકનું નામમાં સુધારો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૫ અન્વયે જન્મના દાખલામાં કોઈપણ પ્રકારનો સુધારો કરવો હોય તો જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રી નાઓને અરજી સાંભળવાનો તથા તેનો નિકાલ કરવાની સત્તા રહેલી છે. અરજદારનો જન્મ લસકાણા ગામ, તા. કામરેજ, જિ. સુરતની હદમાં થયેલ હોય જેની નોંધણી લસકાણા ગ્રામ પંચાયત, તા. કામરેજ, જિ. સુરત મુકામે થયેલ હોય જે આપ નામદાર કોર્ટની હકુમતમાં આવેલ છે. જેથી હાલની આ અરજી સાંભળવા આપ નામદાર કોર્ટને હકુમત પહોંચે છે. આ અરજીના સંદર્ભમાં કોર્ટ ફી રૂ.૦૩/- ભરેલ છે. આ કામે અરજદારે અરજ કરેલ છે કે, આ કામના સામાવાળા પોતાના જન્મ રજીસ્ટરમાં અરજદારનાં જન્મનાં દાખલામાં બાળકનું નામ ગાયત્રીબેન લખાયેલ છે તેના સ્થાને ભૂમિકાબેન લખી તથા જન્મ તારીખવાળી કોલમમાં જન્મ તા.૦૮/૧૧/૧૯૯૦ લખાયેલ છે તેના સ્થાને તા.૦૮/૦૮/૧૯૯૦ મુજબનો સુધારો કરી તેઓને નવો જન્મનો દાખલો આપે તે અંગે મહેરબાની રાહે હુકમ ફરમાવવા અરજ કરેલ છે, તેમજ આ અરજીના એકંદર હકિકતમાં અરજદારના લાભમાં વિશેષ લાગે તેવી દાદ અપાવવા વિનંતી કરેલ છે.

**(૨)** અરજદારની અરજી અનુસંધાને સામાવાળાને નોટીસ કાઢવામાં આવેલ, જે સામાવાળાને બજી ગયેલ છે. સામાવાળા તરફે કોઈ લેખિત જવાબ રજુ રાખવામાં આવેલ નથી, પરંતુ સોગંદ ઉપરની જુબાની આપેલ છે.

**(૩)** આ કામે અરજદાર તેમજ સામાવાળા તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**:: અરજદાર તરફે મૌખિક પુરાવો ::**

| ક્રમ | આંક | સાહેદ |
|---|---|---|
| ૦૧ | ૦૬ અને ૨૩ | અરજદાર ભુમિકાબેન મનસુખભાઈ પટેલ |
| ૦૨ | ૦૯ | સાહેદ બાવલિયા તુલશીભાઈ ચંદુભાઈ |
| ૦૩ | ૧૦ | સાહેદ બાવલિયા મધુબેન તુલશીભાઈ |
| ૦૪ | ૧૧ | સાહેદ મહેશકુમાર કાળુભાઈ પરમાર |

**:: અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૧૨ | જન્મ અને મરણનું રજીસ્ટર |
| ૦૨ | ૧૩ | અરજદારના વોટીંગ કાર્ડની ટુ કોપીવાળી નકલ |
| ૦૩ | ૧૪ | અરજદારના પાનકાર્ડની ટુ કોપીવાળી નકલ |
| ૦૪ | ૧૫ | અરજદારના આધારકાર્ડની ટુ કોપીવાળી નકલ |
| ૦૫ | ૧૬ | અરજદારના સ્કુલ બોનોફાઇડની ટુ કોપીવાળી નકલ |
| ૦૬ | ૧૭ | અરજદારના જન્મનો અસલ દાખલો |
| ૦૭ | ૧૮ | જાહેર પેપર પ્રસિધ્ધિનું અસલ પેપર |
| ૦૮ | ૧૯ | એજનનું અસલ બીલ |

આ કામમાં આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી અને અરજદાર તરફે આંક–૨૪ થી પુરાવા બંધની ક્લોઝિંગ પુરશીસ આપવામાં આવેલ છે. ત્યારબાદ, અરજદાર તરફે મૌખિક દલીલો કરવામાં આવેલ છે.

**(૪)** ઉપરોકત હકીકતોના આધારે કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું અરજદાર આંક–૦૧ ની અરજીના પેરા નં.૦૧માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે ?

૨. શું હુકમ ?

**(૫)** ઉપરોક્ત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નં. (૧) : હકારમાં.

મુદા નં. (૨) : આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદ્દા નં. (૧)**

(૬) સદર કામે **અરજદાર ભુમિકાબેન મનસુખભાઈ પટેલ** નાઓને **આંક–૦૬ અને ૨૩** થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, અરજદાર અરજીમાં જણાવેલ સરનામે રહે છે. હાલની આ અરજી તેઓએ તેમના જન્મનાં દાખલામાં જન્મ તારીખ અને બાળકના નામવાળી કોલમમાં સુધારો કરવા માટે હાલની આ અરજી કરેલી છે. આ કામે અરજદારે આંક–૧ થી જે અરજી કરી છે તેના ઉપર તેમની સહી છે તે તેઓ ઓળખી બતાવે છે. તેઓનો જન્મ મોજે લસકણા, તા.કામરેજ, જી.સુરતની સીમમાં થયેલ હોય જે અંગેની નોંધણી લસકણા ગ્રામ પંચાયત કચેરીમાં જન્મ નોંધણી રજીસ્ટરમાં નોંધણી ક્રમાંક–૩૪ થી તા.૦૯/૧૧/૧૯૯૦ના રોજ કરવામાં આવેલ છે. પરંતુ ત્યારબાદ લસકણા ગામને સુરત મહાનગર પાલિકાની હદમાં સમાવેશ થતાં ઈસ્ટ ઝોન–બીમાં તબદીલી કરવામાં આવેલ છે. જેમાં બાળકના નામવાળી કોલમમાં તેઓનું નામ ગાયત્રીબેન લખાયેલ છે. ખરી હકીકતમાં તેમનું સાચું અને ખરું નામ ભુમિકાબેન છે. તેમજ સમાજમાં પણ તેઓને ભુમિકાબેનના નામથી જ ઓળખાય છે તેમજ જન્મ તારીખવાળી કોલમમાં જન્મ તા.૦૮/૧૧/૧૯૯૦ લખાયેલ છે. તેના સ્થાને જન્મ તા.૦૮/૦૮/૧૯૯૦ મુજબનો સુધારો કરવા આ હાલની અરજી કરેલ છે. અન્ય પુરાવાઓ જેમકે, સ્કુલ બોનોફાઈડ, આધારકાર્ડ, પાનર્કાડ, વોટીંગકાર્ડ, વિગેરેમાં તેમનું નામ ભુમિકાબેન લખાયેલ છે. તથા જન્મ તા.૦૮/૦૮/૧૯૯૦ લખાયેલ છે. તેમજ સમાજમાં પણ તેઓને ભુમિકાબેનનાં નામથી જ લોકો ઓળખતા આવેલ છે. હાલમાં તેઓને સરકારી કામકાજ અર્થે જન્મના દાખલાની શોધ–ખોળ કરતાં જન્મનો દાખલો મળી આવેલ છે, જેમાં જન્મનો દાખલો જોતાં જેમાં તેમનું નામ ગાયત્રીબેન લખાયેલ છે તથા અન્ય પુરાવામાં તેઓનું નામ ભુમિહાબેન લખાયેલ છે. તેમજ જન્મ તારીખવાળી કોલમમાં જન્મ તા.૦૮/૧૧/૧૯૯૦ લખાયેલ છે. જે અન્ય પુરાવાઓમાં જન્મ તા.૦૮/૦૮/૧૯૯૦ લખાયેલ છે. જે જોતા જન્મનો દાખલા કરતાં અન્ય પુરાવામાં અલગ–અલગ જણાય આવેલ છે. પરિણામે હાલના તબક્કે જન્મનાં દાખલામાં બાળકના નામવાળી કોલમમાં બાળકનું નામમાં તેમજ જન્મ તારીખમાં સુધારો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. સદરહુ કામે આંક–૧૩ થી અરજદારના વોટીંગકાર્ડની ટુ કોપી નકલ રજુ કરેલ છે. જેના ઉપર વોટીંગકાર્ડ નંબર, અરજદારનો ફોટો, નામ, સરનામું, જન્મ તારીખ વિગેરે દર્શાવેલ છે. જે સરકારી કચેરીમાંથી આપવામાં આવેલ. સદરહુ કામે આંક–૧૪ થી અરજદારના પાનકાર્ડની ટુ કોપી નકલ રજુ કરેલ છે. જેના ઉપર પાનકાર્ડ નંબર, અરજદારનો ફોટો, નામ, જન્મ તારીખ વિગેરે દર્શાવેલ છે. જે સરકારી કચેરીમાંથી આપવામાં આવેલ.

સદરહુ કામે આંક–૧૫ થી અરજદારના આધારકાર્ડની ટુ કોપી નકલ રજુ કરેલ છે.જેના ઉપર આધારકાર્ડ નંબર, અરજદારનો ફોટો, નામ, સરનામું, જન્મ તારીખ વિગેરે દર્શાવેલ છે. જે સરકારી કચેરીમાંથી આપવામાં આવેલ. સદરહુ કામે આંક–૧૬ થી અરજદારના સ્કુલ બોનોફાઇડની ટુ કોપી નકલ રજુ કરેલ છે. જેના ઉપર પ્રિન્સીપાલ તથા ચકાસણી કરનારની સહી તથા સીકકો હોય જે સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં શાળાનો જી.આર.નંબર હોય તે શાળા તરફથી આપવામાં આવેલ છે. સદરહુ કામે આંક–૧૭ થી અરજદારના જન્મના દાખલાની ખરી નકલ રજુ કરેલ છે. જેના ઉપર સબ–રજીસ્ટ્રાર સાહેબશ્રીનાં સહી–સિકકા હોય જે સરકારી કચેરીમાંથી આપવામાં આવેલ. સદરહુ કામે નામદાર કોર્ટ દ્વારા જાહેર પેપર પ્રસિધ્ધિનો હુકમ ફરમાવેલ છે.જે હુકમ અંતર્ગત ગુજરાત મિત્રમાં પેપરમાં પેપર પ્રસિધ્ધિ કરાવેલ છે. જે અસલ પેપર તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજનું  આંક–૧૮ થી રજુ કરેલ છે. સદરહુ કામે નામદાર કોર્ટ દ્વારા જાહેર પેપર પ્રસિધ્ધિનો હુકમ ફરમાવેલ છે.જે હુકમ અંતર્ગત ગુજરાત મિત્રમાં પેપરમાં પેપર પ્રસિધ્ધિ કરાવેલ છે. જે પેપર પ્રસિધ્ધિનું અસલ બીલ આંક–૧૯ થી રજુ કરેલ છે. જેના ઉપર એજન્સીનું નામ હોય તથા એજન્ટની સહી છે. આ કામના સામાવાળા પોતાના જન્મ રજીસ્ટરમાં અરજદારનાં જન્મનાં દાખલામાં બાળકનું નામ ગાયત્રીબેન લખાયેલ છે તેના સ્થાને ભૂમિકાબેન લખી તે મુજબનો સુધારો કરી અમોને નવો જન્મનો દાખલો તે મુજબનો સુધારો કરવામાં આવે તો તેનાથી કોઈને કોઈપણ પ્રકારનું નુકશાન થાય તેમ ન હોય. નામદાર કોર્ટ દ્વારા પેપર પ્રસિધ્ધિનો જે હુકમ ફરમાવેલ છે. જે પેપર પ્રસિધ્ધિ વિરુધ્ધ આજદીન સુધી કોઈએ કોઈપણ પ્રકારનો વાંધો વિરોધ નોંધાવેલ નથી. સદર કામે સરતપાસ તથા સાહેદોની જુબાની, પુરાવાઓ તથા જાહેર પેપર નોટીસ આ તમામ બાબતોને ધ્યાને રાખી સબબ અમો અરજદારે નામદાર કોર્ટમાં આંક–૧ થી જે અરજી કરી માગ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૭) સદર કામે **સાહેદ બાવલિયા તુલસીભાઇ ચંદુભાઈ** નાઓને **આંક–૦૯** તેમજ **સાહેદ બાવલિયા મધુબેન તુલસીભાઇ** નાઓને **આંક–૧૦** થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,  હાલની અરજી આ કામના અરજદારે પોતાના જન્મના પ્રમાણપત્રમાં જન્મના દાખલામાં સુધારો કરવા કરેલ છે જે અંગે તેઓ સંપુર્ણપણે વાકેફ છે. આ કામના અરજદાર તેઓના નજીકના સગા–સંબંધી થાય છે. આ કામના અરજદારનો જન્મ તારીખ.૦૮/૦૮/૧૯૯૦ના રોજ થયો હતો ત્યારે તેઓ સ્થળ પર હાજર હતા તેમજ તેમનો જન્મ થયો ત્યારે અમો તે શુભ પ્રસંગમાં મીઠાઈ પણ વહેચી હતી. તેમજ આ અંગે તેઓએ મહેમાનોને પણ તે અંગે જાણ કરી હતી. તેમજ આ કામના અરજદારનો જન્મ તા.૦૮/૦૮/૧૯૯૦ના રોજ થયો હતો તે અંગે તેમને ચોકકસ જાત માહિતી છે. આ કામના

અરજદારને સમાજમાં તથા ઘરમાં પણ ભુમિકાબેનના નામથી ઓળખતા આવેલા છે તેમજ તેમના પુરાવાઓ જેમ કે, આધારકાર્ડ, પાનકાર્ડ, વોટીંગકાર્ડ, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં ભુમિકાબેન લખાયેલ છે. તેમજ જન્મ તારીખવાળી કોલમમાં તા.૦૮/૦૮/૧૯૯૦ લખાયેલ છે. તેમજ જે જાહેર નોટીસ કરેલ છે તેના સંદર્ભે આજદિન સુધી કોઇએ વાંધો વિરોધ નોંધાવેલ નથી. આ કામના અરજદારે તેમની અરજીમાં જે દાદ માંગેલી છે તે દાદ મંજુર કરવામાં આવે તો સંસ્થા,વ્યકિત,કંપની કે કોઇને પણ નુકશાન થાય તેમ ન હોય પરિણામ, અરજદારે આંક-૧ થી નામદાર કોર્ટમાં જે અરજી કરેલી છે, તેથી તેમણે માંગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૮) સદર કામે **સાહેદ મહેશકુમાર કાળુભાઈ પરમાર** નાઓને **આંક-૧૧** થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓને નામ.કોર્ટ તરફથી સમન્સની બજવણી થતા, તેઓ નામ.કોર્ટમાં હાજર થયેલ છે. તેઓ સુરત મહાનગર પાલીકા, ઈસ્ટ ઝોન-બી કચેરીમાં આંકડા મદદનીશ તરીકે સાત વર્ષથી ફરજ નીભાવે છે. તેમની ફરજમાં જન્મ-મરણ તથા વહીવટી કામકાજ આવે છે. આ કામના અરજદારનો જન્મ તેમની કચેરીમાં નોંધણી ક્રમાંક-ઈ બી એલ કે/૧૯૯૦/૩૪, તા.૦૯/૧૧/૧૯૯૦ થી નોંધાયેલ છે. જેમાં બાળકના નામવાળી કોલમ માં નામ ગાયત્રીબેન મનસુખભાઈ લખાયેલ છે. જન્મ સ્થળ લસકાણા, જન્મ તા.૦૮/૧૧/૧૯૯૦ તથા પિતાનું નામ મનસુખભાઈ બચુભાઈ, માતાનું નામ ધનુબેન મનસુખભાઈ લખાયેલ છે. તેઓ સને-૧૯૯૦ ના જન્મ-મરણ રજીસ્ટરનાં ઉતારાની ખરી નકલ લાવેલ છે. સદર દસ્તાવેજ સરકારી કચેરીની સહી-સિકકાવાળી નકલ હોય, જેથી તેને રજુ દાખલ આંક-૧૨ આપવામાં આવે છે. ઉપરોકત લખેલ તમામ વિગતો તેમની સાથે લાવેલ રેકર્ડ ઉપરથી લખાવેલ છે. વધુમાં, આંક-૧૭ થી જન્મનો દાખલો રજુ કરવામાં આવેલ છે તે તેઓની કચેરીમાંથી આપવામાં આવેલ છે તેમજ તેમા સબ રજીસ્ટ્રાર સાહેબશ્રીની સહી છે તે સહી તેઓ ઓળખી બતાવે છે તેમજ હાલમાં પણ આ સબ રજીસ્ટ્રાર તેઓની કચેરીમાં કાર્યરત છે.

(૯) ઉપર મુજબ રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતાં, આ કામના અરજદારની અરજીની હકીકત મુજબ તેઓનો જન્મ મોજે.લસકાણા ગામ, તા.કામરેજ, જિ.સુરતની સીમમાં તા.૦૮/૦૮/૧૯૯૦ ના રોજ થયેલ. આ કામના અરજદાર તેઓની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, જન્મ નોંધણી વખતે લસકાણા ગ્રામ પંચાયતના જન્મ નોંધણી રજીસ્ટરમાં ભૂલથી નામ 'ગાયત્રીબેન' અને જન્મ તારીખ ૦૮/૧૧/૧૯૯૦ નોંધાઈ ગયેલ છે, જ્યારે અન્ય તમામ સરકારી અને શૈક્ષણિક દસ્તાવેજોમાં તેમનું સાચું નામ

ભુમિકાબેન અને સાચી જન્મ તારીખ ૦૮/૦૮/૧૯૯૦ છે. અરજદાર તરફે રજૂ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, આંક–૧૬ થી રજૂ થયેલ સ્કૂલ બોનોફાઈડ, આંક–૧૩ થી વોટીંગ કાર્ડ, આંક–૧૪ થી પાનકાર્ડ અને આંક–૧૫ થી આધારકાર્ડ માં અરજદારનું નામ 'ભુમિકાબેન' અને જન્મ તારીખ ૦૮/૦૮/૧૯૯૦ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. આ તમામ દસ્તાવેજો સરકારી સત્તામંડળો દ્વારા અધિકૃત રીતે આપવામાં આવેલા છે. તેમજ કામરેજ તાલુકા પંચાયતમા જન્મની નોંધણી કરાવેલ તેમા શરતચુકથી અરજદારનુ નામ ગાયત્રીબેન અને જન્મ તારીખ ૦૮/૧૧/૧૯૯૦ લખાયેલ છે, પરંતુ અરજદારની સાચું નામ 'ભુમિકાબેન' અને સાચી જન્મ તારીખ ૦૮/૦૮/૧૯૯૦ છે અને તે મુજબ જન્મ પ્રમાણપત્રમા સુધારો કરવા વિનંતી કરેલ છે. આ કામે રજુ થયેલ અરજદાર તથા સાહેદના સોગંદ ઉપરના પુરાવા પરથી તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ પરથી અરજદારની અરજીની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે. આ કામે કામરેજ તાલુકા પંચાયતના જન્મ–મરણના રજીસ્ટરના ઉતારાની નકલ આંક–૧૨ થી રજુ થયેલ છે તેમા જન્મ તા.૦૮/૧૧/૧૯૯૦ દર્શાવવામા આવેલ છે જયારે આંક–૧૬ થી રજૂ થયેલ સ્કૂલ બોનોફાઈડ, આંક–૧૩ થી વોટીંગ કાર્ડ, આંક–૧૪ થી પાનકાર્ડ અને આંક–૧૫ થી આધારકાર્ડ ની ઝેરોક્ષમાં પણ અરજદારનું નામ 'ભુમિકાબેન' અને જન્મ તારીખ ૦૮/૦૮/૧૯૯૦ દર્શાવવામા આવેલ છે. જે દસ્તાવેજોની સત્યતા સામે કોઈ શંકા ઉપસ્થિત થતી નથી. તેમજ આ કામે નામદાર કોર્ટના આદેશ મુજબ આંક–૧૮ થી રજુ દૈનિક સમાચાર પત્ર 'ગુજરાત મિત્ર' માં જાહેર નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવી હતી, જેના અનુસંધાને કોઈ પણ ત્રાહિત વ્યક્તિ કે સંસ્થા તરફથી કોઈ વાંધો રજૂ થયો નથી. સામાવાળા (રજીસ્ટ્રારશ્રી) તરફે પણ સુધારા સામે કોઈ લેખિત વાંધો લેવામાં આવ્યો નથી. આથી, અરજદારનું સાચું નામ ભુમિકાબેન અને સાચી જન્મ તારીખ ૦૮/૦૮/૧૯૯૦ રહેલ હોવાનુ રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ પરથી ફલીત થાય છે. અરજદાર તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ખોટા હોવાનુ માનવાને કોઈ કારણ રહેલ નથી.

**(૧૦)** આમ, ઉપરોકત તમામ સંજોગો તથા કેસ લો તેમજ વિગતો જોતાં, મુદ્દા નં.૧ ને નિર્ણય તે મુજબ હકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) અરજદારની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદારના જન્મ પ્રમાણપત્રમાં અરજદારનું સાચું નામ **"ભુમિકાબેન"** અને સાચી જન્મ **"તારીખ ૦૮/૦૮/૧૯૯૦"** લખી તે મુજબનો સુધારો અસલ

રેકર્ડમાં કરી નિયમ મુજબ થતી લેઈટ ફી તેમજ દંડ વસુલ લઈ કાયદેસરનું જન્મ પ્રમાણપત્ર કાઢી આપવા માટે સુરત મહાનગર પાલિકા, ઈસ્ટ ઝોન–બીને હુકમ કરવામા આવે છે.

(૩) આ અંગેની જરૂરી યાદી સામાવાળાને કરવી.

હુકમ આજ **તા.૧૮મી, માહે.માર્ચ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.કઠોર.
તારીખ: ૧૮/૦૩/૨૦૨૬

**(પ્રખર શર્મા)**
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ , કઠોર
***JUDGE CODE NO.GJ01416.***

ગુજરાતી સ્ટેનોગ્રાફર
એમ.જી.મોરડીયા